P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩/80 તારીખ: 14/9/23

રજી. એ. ડી. દ્વારા

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

પોપટ ઠકકર હરેશકુમાર નાનાલાલ

બ્લોક નંબર ૪ રબારી વાસ

ભચાઉ -કચ્છ

ફોન નંબર:- ૯૪૨૬૮૧૭૪૮૫

વિષય: નવુ વીજ કનેકશન ન મળવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૨/૦૦૩/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ

સદર નિર્ણયપત્રની નક્લ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભચાઉ

.v

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email - forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG02-003-2023-24

હરેશ નાનાલાલ પોપટ

ગામ:- ભચાઉ, તા.ભચાઉ જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ -કચ્છ............સામાવાળા.

બાબત:- નવું વીજ જોડાણ મળવા અંગે...

અરજદાર તરફે :- શ્રી હરેશ નાનાલાલ પોપટ

સામેવાળાના તરફે :- વી.જે. કઢાણીયા (કાર્યપાલક ઈજનેર)

પીજીવીસીએલ ભચાઉ વિભાગીય કચેરી, ભચાઉ.

કોરમ: (૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, અંજાર

તા.: ૨૮/૦૮/૨૦૨૩

# ઠરાવ

આ કામના અરજદાર શ્રી હરેશ નાનાલાલ પોપટ દ્વારા ગામ ભચાઉમાં બ્લોક નં-૪,રબારી વાસ માટે પીજીવીસીએલ, ભચાઉ પેટા વિભાગીય કચેરીએ નવું વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ. ગ્રાહકના જણાવ્યાનુસાર સદર સ્થળે વીજ જોડાણ મેળવવા માટે જરૂરી ફોર્મ તેમજ આધાર પુરાવા ભચાઉ પેટા વિભાગીય કચેરી એ રજુ કરેલ જેના આધારે સદર કચેરી દ્વારા આપવામાં આવેલ ક્વોટેશન મુજબની રકમ તા.૧૧/૦૩/૨૦૨૨ના રોજ ભરપાઈ કરી આપેલ પરંતુ ત્યારબાદ તા.૨૨/૦૪/૨૦૨૨ ના ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્રમાં રૂ.૨૧૦૫૯.૭૨નું અગાઉનું લેણું બાકી દર્શાવેલ પરંતુ લેણું શેનું છે,ક્યારનું છે એવી કોઈપણ માહિતી ન હતી. આથી અરજદાર શ્રીએ તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ નાયબ ઈજનેર શ્રી ભચાઉ પેટા વિભાગીય કચેરીને પત્ર દ્વારા લેણાંની વિગતવાર માહિતી આપવા જણાવેલ,જેના જવાબમાં ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૪/૦૭/૨૦૨૨ ના પત્રમાં લેણાની વિગત મોકલવી જેમાં ૨૬/૦૧/૨૦૦૧ના અમુક બીલ બાકી પેટે હોઈ જુનું બીલ ન ભરાય ત્યાંસુધી નવું જોડાણ મળી શકેશે નહી એવું જણાવેલ. ઇન્ડિયન ઇલેક્ટ્રીસીટી એકટ ૫૬(૨) પ્રમાણે આટલું જુનું લેણું વસુલાત પાત્ર ન હોવા છતાં પીજીવીસીએલ, ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા જુનું લેણું વસુલ કરવા માટે ખોટી રીતે દબાણ કરી અને તેઓને નવું જોડાણ આપતા નથી.

બીજી તરફ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા રજૂઆત એવી છે કે સદરહુ શ્રી હરેશ નાનાલાલ પોપટ ગામ ભચાઉમાં બ્લોક નં-૪,રબારી વાસ માટે વીજ જોડાણ મેળવવા માટે જરૂરી ફોર્મ તેમજ આધાર પુરાવા ભચાઉ પેટા વિભાગીય કચેરી એ રજુ કરેલ.ત્યાબાદ ચકાસણી કરતાં શ્રી હરેશ નાનાલાલ પોપટના નામે ગ્રાહક નંબર ૩૮૫૦૧/૦૬૨૭૯/૦ વાળું ૧ કિલોવોટનું NRGP વીજજોડાણ હતું.જે તા.૨૬/૦૫/૨૦૦૫ ના રદ કરવામાં આવેલ. ઓફીસના રેકોર્ડ ચકાસતા રૂ ૨૧૬૫૯.૭૦ થેફ્ટ એરિયર્સ ના બાકી લેણા છે.જે ભર્યા બાદ નવા કનેક્શનની કાર્યવાહી આગળ કરી શકાય.વર્ષ ૨૦૧૧માં ભચાઉ પેટા વિભાગીય કચેરીનું શીફ્ટીંગ થતા થેફ્ટ એરિયર્સની વસુલાત માટે કોર્ટમાં કોઈ દાવો દાખલ કરેલ છે કે નહી તેની માહિતી ઉપ્લબ્ધ નથી. વધુમાં તારીખ ૨૮/૦૮/૨૦૨૩ ની સુનાવણી માં કાર્યપાલક ઇજનેર ભચાઉ દ્વારા ઉપરોકત કેસ બાબતે વધુ અહેવાલ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.ઉપરોક્ત અરજદાર ના નામે અન્ય બે રહેણાક ના વીજ કનેકશનો ગ્રાહક નંબર ૩૮૫૦૧/૦૬૧૧૪/૦ અને ગ્રાહક નંબર ૩૮૫૦૧/૧૦૮૪૭/૨ વર્ષે ૨૦૦૨ અને ૨૦૦૮ માં આપવામાં આવેલ છે જે હાલે ચાલુ છે. સદરહુ અરજદાર ના જે રુ ૨૧૦૫૯/૭૨ બાકી છે એમનુ પત્રક નીચે મુજબ છે

**Shri Haresh Nanalal Popoat, ST, Road, Bhachau.**

Consumer Number 38501/06279/0

| Month | ST | Consumption | | | Op Bal. | Bill | Payment | Cr Adju | Dr. Adj | Theft | Closing Bal |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Present | Past | Cons. | | | | | | | |
| Mar-Apr Billed in May-04. | | 2000 | 1390 | 610 | -41.13 | 2532.80 | 7820 | | 7820 | 31206 | 33697.67 |
| May-June Billed in July-04 | C | 513 | 0 | 513 | 33697.67 | 3378.05 | 7705 | 0 | 0 | 0 | 29370.72 |
| Jul-Aug Billed in Sept-04 | L | 513 | 513 | 0 | 29370.72 | 1930.55 | 1935 | 0 | 4157.15 | 0 | 33523.42 |
| Sept-Octo Billed in Nove-04 | C | 2000 | 513 | 1487 | 33523.42 | 19637.00 | 0 | 0 | 0 | 0 | 53160.42 |
| New Meter | | 1700 | 0 | 1700 | | | | | | | |
| | | | | 3187 | | | | | | | |
| Nov-Dece Billed in Jan-05 | | 2090 | 1700 | 390 | 53160.42 | 2521.69 | 0 | 13325.53 | 0 | 0 | 42356.58 |
| Jan-Feb- Billed in Mar-23 | | 2440 | 2090 | 350 | 42356.58 | 2247.93 | 0 | 0 | 0 | 0 | 44604.51 |
| Mar-Apr Billed in May-05 | | 3000 | 2400 | 600 | 44604.51 | 3543.10 | 0 | 0 | 0 | 0 | 48147.61 |
| May-June Billed in July-05 | L | 3000 | 3000 | 430 | 48147.61 | 2604.04 | 5000 | 0 | 5015.68 | -5000 | 45767.33 |
| Jul-Aug Billed in Sept-05 | L | 3000 | 3000 | 430 | 45767.33 | 3107.77 | 15000 | 0 | 0 | 0 | 33875.10 |
| Sept-Octo Billed in Nove-04 | | 3300 | 3000 | 300 | 33875.1 | -1684.38 | 0 | 0 | 15675 | -26206 | 21659.72 |
| Total | | | | 0 | **41.13** | **39818.55** | **37460** | **13325.53** | **32667.83** | **0** | **21659.72** |

ઉપરોક્ત વીજ કનેકશન તારીખ 30.૧૧.2003 ના રોજ આપવામાં આવેલ અને માસ નવેમ્બર /ડીસેમ્બર ૨૦૦૫ મા કાયમી ધોરણે રદ થયેલ જેમનો પત્રક ઉપર મુજબ છે. અને . GERC supply code 4/2015 clause No 4.30 મુજબ નવા જોડાણ , પુન જોડાણ , વીજ ભાર વધારો , ઘટાડો , કે નામ બદલી કે શીફટીંગ તે જગ્યાના સંબધીત લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદાર ના અધિકાર ક્ષેત્ર માં કોઇપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઇ બાકી રકમ , ચુકવવામાં આવશે નહી ત્યા સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહી.

ઉપરોક્ત નિયમ અનુસંધાને કંપની ના નિયમાનુસાર બાકી લેણી રકમની વસુલાત સંદર્ભે અરજદારની શ્રીને કચેરી મારફ્ત જાણ કરવામાં આવેલ હતી પરંતુ આજ દિન સુધી રકમ ભરપાઇ થયેલ નથી. વધુમાં ભચાઉ પેટાવિભાગીય કચેરીનુ શીફટીગ થવાના કારણસર સદર બાકી લેણા બાબતે દિવાની દાવો કરેલ હોય અવી માહીતી ઉપ્લબ્ધ નથી.

ફોરમ નુ તારણ

બને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ અરજદારની ની રજુઆત મુજબ ગ્રાહકના જણાવ્યાનુસાર સદર સ્થળે વીજ જોડાણ મેળવવા માટે જરૂરી ફોર્મ તેમજ આધાર પુરાવા ભચાઉ પેટા વિભાગીય કચેરી એ રજુ કરેલ જેના આધારે સદર કચેરી દ્વારા આપવમાં આવેલ ક્વોટેશન મુજબની રકમ તા.૧૧/03/૨૦૨૨ના રોજ ભરપાઈ કરી આપેલ પરંતુ ત્યારબાદ તા.૨૨/0૪/૨૦૨૨ ના ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્રમાં રૂ.૨૧૦૫૯.૭૨નું અગાઉનું લેણું બાકી દર્શાવેલ પરંતુ લેણું શેનું છે,ક્યારનું છે એવી કોઈપણ માહિતી ન હતી જયારે પીજીવીસીએલ તરફથી ભચાઉ પેટાવિભાગીય કચેરી ના પત્ર નંબર ૩૨૦૯ તારીખ ૦૪.૦૭.૨૦૨૩ અનુસાર અરજદાર ના બાકી લેણા વાળુ વીજ કનેક્શન તારીખ ૨૬.૦૧.૨૦૦૧ ના રોજ રદ થયેલ છે જયારે પીજીવીસીએલ તરફથી રજુ થયેલ લેજર મુજબ 30.૧૧.2003 ના રોજ રીલીઝ દશાવેલ છે. આમ સદરહુ કનેકશન રીલીઝ ની તારીખો માં વિસંગતતા જોવા મળે છે. તદઉપરાંત પીજીવીસીએલ તરફથી સદરહુ બાકી લેણાને વસુલાત બાબતે કોઇ કાનુની કાર્યવાહી કરવામાં આવેલ હોય એવુ જણાતુ નથી. અને "The Electricity Act 2003, part -6 distribution of electricity clause No 56(2) provides as "Notwithstanding anything contained in any other law for time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the period of two years form the date when such sum became first due unless such has been shown continuously as recoverable arrears of charges for electricity supplied and the licensee shall not cut off the supply electricity"

આમ ઉપરોક્ત ઇલેક્ટ્રીસીટી એક્ટ ની જોગવાઇ મુજબ સદરહુ જુનુ લેણુ વસુલાત પાત્ર નથી તદઉપરાંત પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદાર ને બે રહેણાક ના વીજ કનેકશનો ગ્રાહક નંબર ૩૮૫૦૧/૦૬૧૧૪/૦ અને ગ્રાહક નંબર ૩૮૫૦૧/૧૦૮૪૭/૨ વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૮ માં આપવામાં આવેલ છે. તતસમયે ઉપરોક્ત બાકી લેણા બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

-: હુકમ:-

**પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદારના નામે વર્ષ ૨૦૦૪ થી બાકી લેણા પેટેની રકમ રૂ ૨૧૦૫૯.૭૨** ની વસુલાત માટે કોઇ કાનુની કાર્યવાહી કે અન્ય પ્રયત્નો જેવા કે પત્ર વ્યવ્વાર વગેરે ઉપરોક્ત ફરિયાદ ઉદભવી એ પહેલા કરવામાં આવેલ ન હોઇ આમ સદરહુ બાકી લેણુ Electricity Act 2003, part -6 distribution of electricity clause No 56(2) મુજબ હાલે વસુલાત ને પાત્ર નથી આથી પીજીવીસીએલે સદરહુ બાકી લેણુ ગ્રાહક નંબર ૩૮૫૦૧/૦૬૨૭૯/૦ ના લેજર માંથી રદ કરી અરજદારે માંગેલ તેમના રહેણાકનુ વીજ ક્નેકશન આ હુકમ મળ્યે દિવસ-૭ માં આપવુ

આ બાબતે થયેલ કાર્યવાહીનો અહેવાલ દિન-30માં ફોરમને કરવાનો રહેશે. આમ અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૨૮/૦૮/૨૦23 ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -3,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫